# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-03-2024 Morning : 7.45 to 7.55
Day : Wednesday National News

આકાશવાણી સમાચાર SANSKRUTI BHUNDIYA વાંચે છે.

*************************************************

- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ.
- કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.
- સિનેવિસ્ટાર ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ આજથી ચંદીગઢમાં શરૂ થશે.
- પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં આત્મઘાતી હુમલામાં પાંચ ચીની નાગરિકો સહિત છ લોકો માર્યા ગયા.
- અમેરિકાના બાલ્ટીમોરમાં માલવાહક જહાજ અથડાયા બાદ પુલ તૂટી પડવાની ઘટનામાં છ લોકોના મોતની આશંકા.
- **IPL** ક્રિકેટમાં ગઇકાલે ચેન્નાઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઇટન્સને **63** રનથી હરાવ્યું

*********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA ELECTION

**લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.**

પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

**ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે.**

**પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.ઉમેદવારી પત્રોની ચકાસણી 28 માર્ચે થશે અને 30 માર્ચ સુધી નામો પરત ખેંચી શકાશે.**

**બિહારમાં, 30 માર્ચે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે અને 2 એપ્રિલ સુધી નામો પાછા ખેંચી શકાશે.**

**પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે.**

**બીજા તબક્કા માટે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.**

## EC---ADVISORY

**કેન્દ્રીય ચૂંટણીપંચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને ચૂંટણી દરમિયાન મતદાન મથક પર મતદારો માટે લઘુતમ મુળભુત સુવિધાઓ સુનિશ્ચિત કરવા સૂચના આપી છે.**

**આ ઉનાળામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની હવામાન ખાતાએ કરેલી આગાહીના પગલે ચૂંટણી પંચે તમામ મતદાન મથકોએ મતદારો માટે ખાસ શેડ તેમજ પીવાના પાણીની સુવિધા સહિત પાયાની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સૂચના આપી છે. ચુંટણી પંચે મતદાન મથકે પાણી, ઓઆરએસ, છાયડા માટે સેડ ટેન્ટ, જરૂરી ફર્નીચર, શૌચાલય તથા તબીબી કીટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું છે.**

**આ ઉપરાંચ ચૂંટણી પંચે ગરમીના મોજાના તેમજ આકરા તાપના સમયગાળામાં દરેક નાગરિકે શી તકેદારી રાખવી તેની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ - NDMA દ્વારા અપાયેલી સૂચનાઓ દેશના બધા જ ચૂંટણી અધિકારીઓને મોકલી છે.**

**ઉલ્લેખનીય છે કે NDMA એ ગરમીના મોજાની સંભવિત અસર ઘટાડવા બપોરના 12 થી 3 દરમિયાન અગત્યના કામ સિવાય તાપમાં નહીં નીકળવાની સૂચના અપાઇ છે.**

## BOMBAY HC- EC NOTIFICATION

બોમ્બે વડી અદાલતની નાગપુર ખંડપીઠે મહારાષ્ટ્રમાં અકોલા-પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારમાં પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી પંચની સૂચનાને રદ કરી

દીધી છે. ન્યાયાધીશ અનિલ કિલોર અને ન્યાયાધીશ એમ.એસ. જવલકરની ડિવિઝન બેંચે કહ્યું કે અકોલા-પશ્ચિમ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી થશે નહીં.

ખંડપીઠે જણાવ્યું કે, 16 માર્ચેનું ચૂંટણી પંચનું જાહેરનામું ટકી શકે નહીં કારણ કે નવા સભ્યને મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરવા માટે એક વર્ષથી ઓછો સમય મળશે અને આ લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 151 (A)નું ઉલ્લંઘન હશે. અદાલતે સ્થાનિક રહેવાસી અનિલ શિવકુમાર દુબેની ચૂંટણી પંચની સૂચનાને રદ્દ કરવાનો નિર્દેશ માંગતી અરજી પર આદેશ પસાર કર્યો. ગયા વર્ષે નવેમ્બરમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય ગોવર્ધન શર્માના અવસાન બાદ અકોલા-પશ્ચિમ વિધાનસભા બેઠક ખાલી પડી હતી.

## NT. CONG- RJD

બિહારમાં મહાગઠબંધનમાં લોકસભાની ચૂંટણી માટે સીટ વહેંચણીના કરારો પર વિવાદના અહેવાલો વચ્ચે, કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ RJDના નેતાઓએ નવી દિલ્હીમાં બેઠક યોજી હતી. બેઠકમાં કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ, મુકુલ વાસનિક અને RJD નેતા તેજસ્વી યાદવ હજાર હતા.

બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા તેજસ્વી યાદવે કહ્યું કે આ ગઠબંધન સૌથી જૂનું છે અને દરેક પરિસ્થિતિમાં સાથે રહ્યું છે. તેમણે કહ્યું કે તેઓ સહમત થયા છે કે ડાબેરી પક્ષો, કોંગ્રેસ અને RJD સાથે મળીને ચૂંટણી લડશે. શ્રી યાદવે કહ્યું કે દરેકને તેમની બેઠક મળશે અને તેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

રાજ્યમાં વિપક્ષી ગઠબંધનના ઘટક પક્ષોએ આગામી લોકસભા ચૂંટણી માટે બેઠકોની વહેંચણી અંગેની સમજૂતીને હજુ અંતિમ સ્વરૂપ આપ્યું નથી. જોકે, RJDએ પહેલા તબક્કાના મતદાન માટે ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. બીજી તરફ, લોકસભા ચૂંટણી માટે ગઠબંધન હેઠળ ભાજપે તમામ 17 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે અને JDUએ તમામ 16 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. LJP-રામવિલાસ NDA ગઠબંધન હેઠળ પાંચ બેઠકો પર ચૂંટણી લડશે.

## CONG LIST

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની સાતમી યાદી જાહેર કરી છે. પાર્ટીએ છત્તીસગઢની સુરગુજા બેઠક પરથી શશિ સિંહ, રાયગઢ બેઠક પરથી ડો. મેનકા દેવી સિંહ, બિલાસપુર બેઠક પરથી દેવેન્દ્ર સિંહ યાદવ અને કાંકેર બેઠક પરથી બિરેશ ઠાકુરને મેદાનમાં ઉતાર્યા છે. આર સુધા તમિલનાડુના માયલાધુથુરાઈથી ચૂંટણી લડશે.

## JAISHANKAR-PHILIPPINES

વિદેશમંત્રી એસ.જયશંકરે ગઇકાલે ફિલિપાઇન્સના મનીલામાં રાષ્ટ્રપ્રમુખ બોંગબોંગ માર્કોસ સાથે મંત્રણા કરી છે.

આ પ્રસંગે શ્રી જયશંકરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ફિલિપાઇન્સના રાષ્ટ્રપ્રમુખને અપાયેલી શુભેચ્છાઓની માહિતી આપી છે. આ ઉપરાંત શ્રી જયશંકરે મનીલા બંદરે પહોંચેલા ભારતીય તટરક્ષક દળના સમુદ્ર પહેરેદારની મુલાકાત લીધી હતી.

શ્રી જયશંકરે જણાવ્યું કે ભારતની પૂર્વ તરફના દેશોની નીતિ અને હિંદ-પ્રશાંત વિસ્તાર અંગેની નીતિને હંમેશા કેન્દ્રમાં રખાશે.

## CHANDIGARH - CIFF

સિનેવેસ્ટર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ-CIFF આજથી ચંદીગઢમાં શરૂ થશે. આ ફિલ્મ ફેસ્ટિવલનું ઉદઘાટન પ્રખ્યાત અભિનેતા બોમન ઈરાની કરશે.CIFFની ઉદ્ઘાટન ફિલ્મ જુલિયટ બિનોચે અભિનીત કાન્સ-વિજેતા ફ્રેન્ચ ફિલ્મ 'ધ ટેસ્ટ ઑફ થિંગ્સ' હશે. નિર્માતા-નિર્દેશક કરણ જોહર, કલાકારો રિચા ચઢ્ઢા, અલી ફઝલ, રોશન મેથ્યુ, ગુલશન દેવૈયા, વરુણ ગ્રોવર, રસિકા દુગ્ગલ, રશ્મીત કૌર, શેખર કપૂર, સુધીર મિશ્રા અને તાહિરા કશ્યપ ખુરાના ફેસ્ટિવલના સ્ટાર આકર્ષણો હશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે CIFF ખાતે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય સ્તરે વખાણાયેલી ફિલ્મોનું સ્ક્રીનિંગ અને ફિલ્મ માર્કેટ સેશન હશે. ઉદ્યોગ વ્યાવસાયિકો સાથે આકર્ષક ચર્ચાઓ, ઇન્ટરેક્ટિવ સત્રો અને નેટવર્કિંગ તકો હશે. આ ઉપરાંત, રોઝ ગાર્ડનમાં શતાબ્દી વર્ષીય રાજ કપૂર અને દેવ આનંદને સમર્પિત એક પ્રદર્શન પણ યોજાશે. બાળકોની ફિલ્મો માટે એક ખાસ સેગમેન્ટ @Bachpan હશે.

## Suicide-Attack-Pakistan

પાકિસ્તાનના ખૈબર પખ્તુન્વા પ્રાંતમાં ગઇકાલે થયેલા આત્મઘાતી હુમલામાં પાંચ ચીની અને એક પાકિસ્તાની સહિત કુલ 6 જણાનાં મોત નિપજ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ઇસ્લામાબાદથી દાસુ શિબિર તરફ વાહનમાં જઇ રહેલા પાંચ ચીની ઇજનેરોના વાહન સાથે આત્મઘાતી બોમ્બરે પોતાનું વાહન અથડાવીને

વિસ્ફોટ કરતાં છ જણાંના મોત નિપજ્યા હતા. પ્રાંતીય પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## BRIDGE COLLAPSE- BALTIMORE

અમેરિકામાં મેરીલેન્ડ રાજ્ય પોલીસે જણાવ્યું છે કે, બાલ્ટીમોર મેરીલેન્ડમાં ગઈકાલે ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ તૂટી પડ્યા બાદ ગુમ થયેલા છ લોકોના મૃત્યુ થયા હોવાનું અનુમાન છે. બાલ્ટીમોરમાં ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજ એક માલવાહક જહાજ દ્વારા અથડાયો હતો અને પટાપ્સકો નદીમાં તૂટી પડ્યો હતો. સત્તાધિકારીઓએ જણાવ્યું કે, પાણીના તાપમાન અને વધુ સમય થવાને કારણે તેઓ મૃત્યુ પામ્યા હોવાનું માનવામાં આવે છે.

સિંગાપોર-ધ્વજવાળું ડાલી કાર્ગો જહાજ બાલ્ટીમોર બંદરથી કોલંબો, શ્રીલંકામાં જઈ રહ્યું હતું, ત્યારે ફ્રાન્સિસ સ્કોટ કી બ્રિજના થાંભલા સાથે અથડાયુ હતું. જહાજમાં તમામ 22 ક્રૂ ભારતીય હતા. અમેરિકના રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું છે કે તેઓ પુલના પુનઃનિર્માણ માટે કોંગ્રેસ પાસેથી ભંડોળ માંગશે.

## IPL CRICKET

IPL ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈકાલે ચેન્નઈ સુપર કિંગ્સે ગુજરાત ટાઇટન્સને 63 રનથી હરાવ્યું છે. ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં 207 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 143 રનમાં ઓલઆઉટ થઈ હતી.

આ પહેલા ચેન્નઈ સુપર કિંગ્સે પ્રથમ બેટિંગ કરીને 20 ઓવરમાં છ વિકેટે 206 રન બનાવ્યા હતા. ચેન્નઈ સુપર કિંગ્સ માટે શિવમ દુબેએ 23 બોલમાં 51 રન

કર્યા હતા, જ્યારે કેપ્ટન રુતુરાજ ગાયકવાડ અને રચિન રવિન્દ્રએ 46-46 રન કર્યા હતા. સાઈ સુદર્શન 37 રન સાથે ગુજરાત ટાઇટન્સ માટે ટોપ સ્કોરર બન્યો, જ્યારે સુપર કિંગ્સ માટે દીપક ચહર, તુષાર દેશપાંડે અને મુસ્તાફિઝુર રહેમાને બે-બે વિકેટ લીધી. શિવમ દુબેને "પ્લેયર ઓફ ધ મેચ" જાહેર કરવામાં આવ્યો હતો.

આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ, મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

## MIAMI OPEN TENNIS

ભારતીય ટેનિસ ખેલાડી રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડેનની વિશ્વની નંબર વન જોડી મિયામી ઓપન ટેનિસની મેન્સ ડબલ્સ કેટેગરીની સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે. તેઓએ ક્વાર્ટર ફાઇનલમાં નેધરલેન્ડના સેમ વર્બીક અને ઓસ્ટ્રેલિયાના જ્હોન-પેટ્રિક સ્મિથને 3-4, 7-5, 10-7થી હરાવ્યા હતા. પ્રથમ મેચ હાર્યા બાદ ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડીએ શાનદાર પુનરાગમન કર્યું હતું.

## APCC-INDIAN CLIMATE

ભારતમાં જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન સરેરાશથી વધુ વરસાદ થવાની શક્યતા છે. એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન ક્લાઈમેટ સેન્ટરે એપ્રિલથી જૂન અને જુલાઈથી સપ્ટેમ્બર મહિના માટે બે અલગ-અલગ આગાહી કરી છે. તાજેતરમાં, ENSO દ્વારા જાહેર કરવામાં આવેલી ચેતવણીમાં જણાવાયું છે કે, અલ નીનોથી લા નીના સુધીની સ્થિતિમાં સરળ ફેરફાર થશે.

એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન ક્લાઈમેટ સેન્ટરે જુલાઈથી સપ્ટેમ્બરની તેની આગાહીમાં જણાવ્યું હતું કે પૂર્વ આફ્રિકાથી લઈને અરબી સમુદ્ર,

ભારત, બંગાળની ખાડી, ઈન્ડોનેશિયા, કેરેબિયન સમુદ્ર, ધ્રુવીય ઉત્તર એટલાન્ટિક, દક્ષિણ ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ પેસિફિકમાં સામાન્ય થી વધુ વરસાદની સંભાવના છે.